સોળસુંબા ઓવરબ્રિજ પાસેથી દારૂ ભરેલી કાર ઝડપાઈ

ઉમરગામ : વલસાડ એલ.સી.બી.ની ટીમ ઉમરગામ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમ્યાન મળેલી ચોક્કસ બાતમીને આધારે સોળસુંબા રેલવે ઓવરબ્રિજ ઉતરી વેલ્લુણી ઉમરગામ તરફ જતા રોડ ઉપર વોચ ગોઠવી હતી. તે દરમિયાન એક સિટ્રોન કારને રોકાવી તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની બોટલ ભરેલા કુલ ૨૪ બોક્સ (કિં.રૂ. ૨,૧૬,૬૮૦) મળી આવ્યા હતા. આ સાથે જ કાર ચાલક પ્રદિપભાઈ પટેલ (રહે. વાપી)ની અટક કરી પોલીસે ૩ લાખની કાર અને ૫,૧૦૦ના ૨ મોબાઈલ ફોન મળી કુલ ૫,૨૩,૬૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પુછપરછમાં ક્લીનર સીટ પર બેસેલો ગુલામ (રહે. ઉમરગામ) અને દારૂનો જથ્થો ભરાવનાર રાકેશભાઈ (રહે. નારોલી, સેલવાસ)ના નામ ખુલતા પોલીસે તે બંનેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

Bank of Baroda
બેંક ઓફ બરોડા, ઝાર્ટરિક કલાર્કલ, વલસાડ ઝર્ટર, જેની ઓફિસ પહેલા માળે, મહાલક્ષ્મી ટાવર્સ, તિથલ રોડ, વલસાડ- ૩૯૬૦૦૧, ગુજરાત ખાતે નીચે જણાવેલ વિસ્તાર, ઝાર્ટરિક ઉપાર (પ્રાકાનમાં) પટના પરિસરના માર્કિટોમાં ઓફ કોર્ટની ઝારકો પાસેથી ભાડાનું ઓફર સમાવિસ ઝરે છે.

ક્ર.નં.	ડેપો	ડેપો દ્વારા સર્વિસ તારીખ	ડેપો દ્વારા બસો તારીખ	કે. કુ. મા પજૂર્ણ સમય	ઉપરોક્ત સમય
૧	વિભાગીય જાળવણી	૦૭-૧૧-૨૦૨૬	૧૦-૧૧-૨૦૨૬	૨૨૦૦ થી ૦૬૦૦	૪૦૦ કિ.મી. સુધી

૩૦ ડેપો પાવર સ્ટેશનો તમામ સુવિધાઓ સાથે, જગ્યા વ્યવસ્થાના માટે. ડેપોર ટોપો પોપોર વ્યવસ્થા ૧ મહિનાના ગ્રાહકનાશાનું વ્યવસ્થા માટે ડેપોર થવાની ગોળાના છે. ઇચ્છુક ઓફર કરનારાઓએ તેમની ઓફર બે અલગ-અલગ સીલબંધ કવરમાં સુપ્રતસ્થાપન કરેલ ટેકનિકલ બીડ અને કમર્શિયલ બીડ તા ની રીસુકાયેલ મેનેજર (ડીજીએમ), ઝીંક ઓફ્સ્ટોક, ખાર્ચિક કર્મચારિ, ૧લા માળે મહાલક્ષ્મી ટાવર, તિથલ રોડ, ૩૯૬૦૦૧ પર ઉપલોડ કરેલમાં સાથેની સંપૂર્ણિત તારીખે ઝાર્ટરિ ૧૨.૩૦ વાગ્યા સુધી અથવા તે પહેલા ભોક્યાવાની રહેશે. ગર્ફર ઓફરા કરેલાની/ઝરકાર ધિમાંગે ની જગ્યાઓની ઝાર્ટરિકતા સમાવાર્ય સાથેની. (ડિગ્રી અને ફુલ ટાઈમ અનાની પોસ્ટારાર www.bankofbaroda.co.in ના ટેન્ડર વિભાગ પર લોગ ઓન કરો) ઓફ તેના કારણે આવા કોઈપણ ઓફરને સ્વીકારવા કે નકારવાનો તેનો અધિકાર અનામત રાખે છે.

તારીખ : ૦૬-૧૧-૨૦૨૬ ઝાર્ટરિક વ્યવસ્થાપક (ડીજીએમ)
સ્થળ : વલસાડ ઝર્ટર

દિવાળીમાં મુસાફરોના ધસારાને પહોંચી વળવા વલસાડ ડિવિઝનમાં રોજ ૬૦ વધારાની બસ ટ્રીપ

પાંચ દિવસમાં ૧૩૮ ટ્રીપ દોડાવાઈ, રૂા. ૮ લાખથી વધુની આવક થઈ

। વલસાડ ।

દિવાળી મહાપર્વને ધ્યાને રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના વલસાડ એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવી રહી છે. વિભાગના ૦૬ ડેપો દ્વારા દૈનિક ૬૦ એક્સ્ટ્રા બસોનું આયોજન કરાયુ છે. જેમાં અત્યાર સુધીમાં એસ.ટી. વિભાગે રૂા. ૮ લાખથી વધુની આવક છેલ્લા પાંચ દિવસમાં પ્રાપ્ત કરી લીધી છે.

વલસાડ-નવસારી જિલ્લામાં રોજગ-રોટી માટે રહેતા લોકો દિવાળીના મહાપર્વમાં પોતાના વતન જવા તત્પર અને ઉત્સુક હોય છે. તેઓને તેમના વતન કે ગામડે પહોંચવામાં સરળતા પડે અને મુસાફરોના પસારને પહોંચી વળવા માટે વલસાડ એસ.ટી. વિભાગ દ્વારા જરૂરીયાત અનુસાર વધારાના બસોનું આયોજન થયું છે. આ અંગે વલસાડ એસ.ટી.ના



વિભાગીય નિયામક એસ.પી. માત્રોજાએ જણાવ્યું કે, વલસાડ એસ.ટી. ડિવીઝનના તમામ ડેપો દ્વારા દિવાળીના તહેવારોને ધ્યાને લઈ તા. ૦૧ થી તા. ૦૫-૧૧-૨૬ સુધી આહવા ડેપોથી સુરત, ચીખલી, વાપી, વલસાડ, સોનગઢ, ઉભરાવાડા, બિલીમોરા ડેપોથી આહવા, વલસાડ-નવસારી, બારડોલી, અમદાવાદ, દાહોદ, ધરમપુર ડેપોથી સુરત, અમદાવાદ, દાહોદ, નવસારી ડેપોથી બારડોલી-છોટાઉદેપુર, નાસિક, ધરમપુર, સુરત-વાપી, લીમખેડા તેમજ ગોધીપમ, લુણાવાડા અને ખોડીયા માટેનું ગ્રુપ બુકીંગથી બસ સર્વિસોનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે. વલસાડ ડેપોથી આહવા, નાસિક, દાહોદ અને વાપી ડેપોથી અંકલેશ્વર, દાહોદ, નાસિક સુધી એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવ્યુ છે. જેમાં આજદિન સુધીમાં કુલ ૧૩૮ ટ્રીપ, ૨૭,૩૮૬ કિ.મી.નું સંચાલન કરી કુલ રૂા. ૮,૦૦,૯૦૮ની આવક મેળવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દિવાળી એક્સ્ટ્રા સંચાલન હાલમાં ચાલુ રાખવામાં આવશે તેમજ વિભાગના તમામ ૦૬ ડેપો દ્વારા દૈનિક ૧૦-૧૦ બસો મળી કુલ ૬૦ બસોનું એક્સ્ટ્રા સંચાલન થઈ રહ્યું છે. હવે દૈનિક મુસાફરોના પસારાને ધ્યાને લઈ આયોજન કરાશે. નવા વર્ષ બાદ ભાઈ બીજથી લઈ વેકેશન પૂર્ણ થાય ત્યાં સુધી તમામ ડેપો દ્વારા તમામ વિદ્યાર્થી ટ્રીપો બંધ કરી એક્સ્ટ્રા એક્સપ્રેસ- લોકલ બસોનું સંચાલન કરાશે.

વાપી-પારડી હાઈવે પર કારે મોપેડને ટક્કર મારતાં વૃદ્ધને ગંભીર ઈજા થઈ

। વાપી ।

વાપી-વલસાડ નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર ઓરવાડ નજીક ભંડારના ગોડાઉન સામે અજાણ્યા કારચાલકે મોપેડને જોરદાર ટક્કર મારતાં ૫૯ વર્ષીય ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ કારચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

મળતી વિગતો મુજબ, વાપીના કંચનનગર, મદીના મસ્જિદ પાસે રહેતા તુફેલ તજમુલ ખાન (ઉ.વ. ૫૯) ડ્રાઇવિંગ કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા. ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ તેઓ ઓરવાડ ખાતે આવેલી ધનશ્યામ સ્ટોન ક્વોરીમાં ડ્રાઇવિંગની નોકરી પર હાજર હતા. બપોર બાદ તેમના શેઠે વાપીના શી.આઈ.પી. હોલ પાસે આવેલી ફ્રેન્ચુંન બિલ્ડિંગમાં બિલ્ડર પાસેથી ચેક લઈ આવવાનું જણાવતાં તેઓ પોતાની એક્ટિવા મોપેડ નંબર જીજે-૧૫-બીડી-૧૫૭૫ લઈને વાપી જવા નીકળ્યા હતા. દરમિયાન સાંજે આશરે ૪ વાગ્યાના અરસામાં ઓરવાડ નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર ભંડારના ગોડાઉન સામે પહોંચતાં અજાણી કારે તેમની એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના પગલે તુફેલ ખાન એક્ટિવા સાથે રોડ પર પટકાતાં તેમના ડાબા પગમાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે જમણા પગના ઘૂંટણના ભાગે પણ ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતાં તેમના શેઠ રાજેશભાઈ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને વાપીની આયુષ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવા હતા. જ્યાં તબીબોએ તપાસ દરમિયાન તેમના ડાબા પગમાં કેકરા હોવાનું જણાવ્યું હતું. અકસ્માતના કારણે તબિયત સારી ન હોવાથી અને પુત્રો સારવાર દરમિયાન દેખરેખ રાખના હોવાથી તેઓ તાત્કાલિક ફરિયાદ નોંધાવી શકયા નહોતા. ત્યારબાદ તા. ૬ નવેમ્બર ૨૦૨૬ના રોજ તુફેલ ખાને પારડી પોલીસ મથકે અજાણ્યા કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરાર થઈ ગયેલા કારચાલકને શોધવા પોલીસની કવાયત

વલસાડમાં લડી રહેલાં કૂતરાઓને કારણે રિક્ષા પલટી, ચાલકને ગંભીર ઈજા પહોંચી

સ્થાનિકોએ રિક્ષાને ઉંચકી સાઈડ પર ખસેડી, ચાલકને હોસ્પિટલમાં મોકલ્યો

। વલસાડ ।

વલસાડના તિથલ રોડ વિસ્તારમાં શુક્રવારે લડતા લડતા અચાનક દોડી આવેલા કૂતરાઓને બચાવવાના પ્રયાસમાં રીક્ષાચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દેતાં રિક્ષા પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષાચાલકને ગંભીર ઈજા થઈ હતી.

વલસાડના તિથલ રોડ વિસ્તારમાં શુક્રવારે સવારે આશરે ૧૧.૨૫ વાગ્યે રીક્ષા નંબર જીજે ૧૫ વાય વાય ૧૨૬૨નો ચાલક હાવરચર રસ્તા પાસે જવા માટે નીકળ્યો હતો. દરમિયાન પ્લાઝા બિલ્ડિંગ નજીક બે કૂતરાઓ લડતા લડતા અચાનક રીક્ષા સામે દોડી આવતા, રીક્ષા ચાલકે કૂતરાઓને બચાવવા



રીક્ષામાં ભટકાઈ નહીં પડે અને તેમને કોઈ પણ રીતે ઈજા નહીં થાય તેવા આશય સાથે બેક મારવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, આ સમયે તેની રીક્ષા પલ્ટી મારી ગઈ હતી. આ સાથે જ ચાલક રિક્ષાની નીચે દબાઈ જતા તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. અકસ્માતને પગલે સ્થળ પાસે હાજર સ્થાનિક રહીશો અને દુકાનદારોએ પલટી મારી ગયેલી રીક્ષાને ઉંચકીને રોડ પાસે પાર્ક કરી હતી. સ્થાનિક રહીશોએ અકસ્માતમાં લોહીલુહાણ થઈ ગયેલા રીક્ષાચાલકને સારવાર માટે હોસ્પિટલમાં મોકલ્યા હતા. તિથલ રોડ સ્ટેટ હાઈવે પર રખડતા પશુઓને કારણે વાહનચાલકોમાં ભયની લાગણી ફેલાઈ છે. આવા પશુઓને ઝબ્બે કરવા માટે પાલિકા તંત્ર તાકીદે પગલાં ભરે તેવી માંગ વાહનચાલકોમાં ઉઠી છે.

Agricultural Produce Market Committee, Billimora.
બેલીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,
સરદાર માર્કેટ, દેવસર, બીલીમોરા.
સર્વેને દિપાવલીની શુભેચ્છા
વિનિયામનો
◆ સરદાર માર્કેટ ખાતે તાજા શાકભાજી અને કઠોળખાદ્ય ઉત્પાદનોનું વેચાણ કેન્દ્રાણ.
◆ બજાર ભાવ કરતા વાજબી ભાવે શાકભાજી અને કઠોળખાદ્ય ખરીદવાનું ઉત્તમ સ્થળ.
◆ પાર્કિંગની સુવિધા અને સી.સી.ટી.વી. કેમેરાથી રક્ષિત માર્કેટ યાર્ડ.
◆ સવારે ૧૧.૩૦ વાગ્યા સુધી ગ્રાહકોનું અને કઠોળખાદ્યનું છૂટક વેચાણ.
◆ ખેડૂત અને પોટલાધિકૃત સુવિધા.
વિનિયામક સમિતિ યાર્ડ :
◆ તાલુકાના મુખ્ય કુલ ચાર ગેટનું અને કેમેરાનું 'સર્વેલન્સ દ્વારા કંટ્રોલ.
◆ ગુણવત્તા સાબતોકિક અજમાયુ આપોપાર.
નોંધણીમાં ની પોટલ
વિનિયામક
નોંધ ઓફ કોમોડિટીઝ તમામ
વિનિયામક
બીલીમોરા વિભાગ
કોળી પટેલ સમાજ પરીવાર
સોમનાથ રોડ- બીલીમોરા, તા. ગણદેવી,
જિ. નવસારી-૩૯૬૩૧૦. ફોન : (૦૨૬૩૪) ૨૮૪૩૬૯

વડોલીથી મોહપાડા ગામે સાસરે જવા નીકળેલા વીરક્ષેત્રના રહીશને રસ્તામાં કાળ ભેટી ગયો

પીપલસેત ફાટક પાસે જીપ પલટી જતાં અકસ્માત સર્જાયો, મુસાફરનું સારવાર વેળા મોત

। વલસાડ ।

કપરાડાના આસલોણાં - પીપલસેત ફાટક પાસેથી પસાર થઈ રહેલા જીપના ચાલકે કાબુ ગુમાવી દેતા, જીપ પલટી મારી ગઈ હતી. આ સાથે જ જીપમાં સવાર વીરક્ષેત્ર ગામના રહીશ અને ચાર સંતાનોના પિતાને ગંભીર ઈજા થઈ હતી. બાદમાં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

કપરાડાના વીરક્ષેત્ર ગામના કુકુંનીયા કળિયાના રહીશ અભિનાથભાઈ નામદેવભાઈ વુસારા, પત્ની સહિતના ચાર સંતાનો સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હતા અને ખેતી કામ કરી ગુજરાન ચલાવતા હતા. ગુરુવારે અભિનાથભાઈ મોહપાડા ગામે આવેલા સાસરે જવા માટે વરઘી નીકળ્યા હતા. તેઓ કપરાડાના વડોલી ગામથી જીપ નંબર જીજે ૦૮ સીસી ૨૯૩૧માં મુસાફરી કરી રહ્યા હતા. દરમિયાન જીપ આસલોણાં - પીપલસેત ફાટક પાસેથી પસાર થઈ રહી હતી. તે સમયે જીપના ચાલકે સ્ટેયરિંગ પરથી કાબુ ગુમાવી દેતા જીપ રોડ પર પલ્ટી મારી ગઈ હતી. અકસ્માતમાં અભિનાથભાઈને ગંભીર, જ્યારે જીપ ચાલકને ઓછી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે સુબીરાપાડા સી. એચ.સી.માં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં અભિનાથભાઈનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

મુસાફર અભિનાથભાઈનું અકાળે અવસાન થતા તેમના ચારેય સંતાનોએ પિતાનું છત્ર, જ્યારે પત્નીએ પતિનું છત્ર ગુમાવી દીધું છે. જે બાબતે મૃતકના ભાઈ વસનભાઈએ અકસ્માત સર્જનાર જીપના અજાણ્યા ચાલક સામે કપરાડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નવસારીનું મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સે.

નવસારી : નવસારીમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સે. નોંધાયું હતું. સવારે મેઘનું પ્રમાણ ૯૧ ટકા હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન ખાતાની માહિતી મુજબ નવસારીમાં શુક્રવારે મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી સે., જ્યારે ન્યુનત્તમ તાપમાન ૨૨.૦ ડિગ્રી સે. નોંધાયું હતું. સવારે મેઘનું પ્રમાણ ૯૧ ટકા અને સાંજે ૬૬ ટકા નોંધાયું હતું અને પવનની ઝડપ ઉત્તર થી પુર્વ તરફ ૨.૪ કિ.મી. પર પ્રતિ કલાકની રહી હતી.

નવસારી મહાત્મા ગાંધી કોલેજમાં પ્રિ-દિવાળીની શાનદાર ઉજવણી



નવસારી : નવસારી મહાત્મા ગાંધી કોલેજમાં દિવાળીના પાવન પર્વ નિમિત્તે કોલેજના કેન્ટકી અને સ્ટાફ સભ્યો માટે કાર્યક્રમ કેમ્પસ કનેક્ટ ૨૦૨૬ શીર્ષક હેઠળ એક ભવ્ય પ્રિ-દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ યોજવો હતો. કોલેજના સેમિનાર હોલમાં 'કેમ્પસ કનેક્ટ: કેકટી એન્ડ સ્ટાફ કનેક્ટ'ના ઉમદા સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વ્યસ્ત દિનચર્યામાંથી સમય કાઢીને કોલેજ પરિવારના સભ્યો વચ્ચે પરસ્પર સ્નેહ, સંવાદિતા, ટીમવર્ક અને આનંદની ભાવનાને વધુ મજબૂત કરવાનો હતો. આ વિશેષ પ્રસંગે કોલેજના તમામ કેકટી અને સ્ટાફ સભ્યો આકર્ષક પરંપરાગત ભારતીય પોશાકમાં સજ્જ થઈને ઉપસ્થિત રહ્યા હતાં, જેના કારણે સમગ્ર સેમિનાર હોલ ઉત્સવના રંગોથી રંગાઈ ગયો હતો. કાર્યક્રમમાં મનોરંજક રમતો અને સ્પર્ધાઓનું આકર્ષક વિવિધ આકર્ષક આઈસ-બ્રેકિંગ ગેમ્સ અને ટીમ એક્ટિવિટીઝ યોજવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રાધ્યાપકો પૂજા શાહ, આદ્રા પટેલ, સોનાલી દેસાઈ અને સાગર પોરાજીયા દ્વારા ખૂબ જ ઝીણવટભર્યું આયોજન અને ટેન્ડ્રપ્ટ સંકલન કરવામાં આવ્યું હતું.

નવા વર્ષનો સંદેશો
વિક્રમ સંવત - ૨૦૮૩
તા. ૧૦-૧૧-૨૦૨૬
"ગર્વ સે કહો હમ હિન્દુ હૈ"
વિશ્વ વંદનીય પ.પૂ. શ્રી છોટેદાદા
વ્હાલા ભક્તો
સનાતન ધર્મ એ માત્ર ધર્મ નથી, પરંતુ સમગ્ર વિશ્વને સુખી, શાંતિમય અને ગૌરવશાળી જીવનનો માર્ગ બતાવતી દિવ્ય જીવનશૈલી છે. સેવા, દાન અને સુમિલન જેવા સનાતન ધર્મના શાશ્વત મૂલ્યો માનવમાં સંસ્કાર અને આધ્યાત્મિકતા જગાવીને તેને સાચા અર્થમાં હિન્દુ બનવાની પ્રેરણા આપે છે.
સૌને નૂતન વર્ષની શુભેચ્છા.....
આપ સૌ નું કલ્યાણ થયકરો
પ.પૂ. શ્રી છોટેદાદા ગુરુ સાનોદાદા નાથધણી
નવલાધ્યાશ્રમ, દેવસર, બીલીમોરા.

Bank of Baroda
આરતનો-એસ્ટેબ્લીશમારી, ઝેંક ઓફ બરોડા, રીજીયન ઓફિસ : પહેલો માળ, મહાલક્ષ્મી ટાવર, તિથલ રોડ, વલસાડ, ગુજરાત-૩૯૬૦૦૧
ઈ-મેલ : sarbul@bankofbaroda.co.in
સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ
પબ્લિસિટ-ઇ-કો (પુણો નિયમ ૮(૬) અને ૮(૬)નો જોગવાઇઓ)
સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) નિયમ ૮(૨) અને ૮(૬) ની જોગવાઇઓ સાથે વેચાણ સિક્યોરીટાઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એનફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઇ-હરાજી વેચાણ નોટિસ

આથી ખાસ કરીને દેવાદાર(રો) તથા બાંયધરદાર(રો)તથા ખાસ કરીને ગીરો મુકનાર(રો) તથા ખાસ કરીને ગીરો મુકનાર(રો)ના કાયદેસર વારસદાર મિલકતો ગિરોવાળાં કબજાની છે, જેનો કબજો બેંક ઓફ બરોડા, સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) અધિનિયમ ૨૦૦૨ (ત્યારબાદ "ધ્યાનો કરે") અને "રૂલ્સ" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) સાથે વંચાણ કરવામાં આવેલ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૮ અને ૯ હેઠળ તેમને પ્રાપ્ત થયેલ સત્તાઓ હેઠળ તા. ૨૭.૦૫.૨૦૨૬ ના રોજ માંગણા નોટિસ ઇસ્યુ કરવામાં આવેલ હતી જે મુજબ દેવાદાર(રો)/ જામીનદાર(રો)ને નોટિસમાં જણાવેલ રકમ તે નોટિસની તારીખથી ૬૦ દિવસની અંદર ચુકવવા જણાવવામાં આવેલ હતું. દેવાદાર(રો)/ જામીનદાર(રો)/ ગિરોવાળાં(રો)ની રકમ/ ગીરવે મિલકત/ ઇ-હરાજીની તારીખ અને સમય, કોલેટરલ ઓફ ઇન્ટરેસ્ટ નિયમ ૮(૬)ની જોગવાઇ મુજબ છે.

ક્રમ/ નોટિસ નં.	દેવાદાર/રો / જામીનદાર/રો ના નામ અને સરનામા	જાણવા હોય, જો કોઇ હોય તો તેવા બોજા સહિત સ્થાવર મિલકતની કુલી વિગત / રકમ(નો) બોજા	કુલ બાકી રકમ	ઇ. ઉિર્ક ઇ. ઓક્શન ઓફિસરનું નામ અને ફોનનો નંબર
1	શ્રી મનોજ ભાનુભાઈ પટેલ બીજી ઉિર્ક્ષા ભાનુભાઈ પટેલ બંગલાનો નાની, ભાનુભાઈ વાડા, બ્લાયોકો નાની, બગલાના, ૩૯૬૫૫૧ વાપી, ગુજરાત ૩૯૬૧૦૦	ઇન્ડિવિડ્યલ મોર્ગેજ સ્થાવર મિલકતના તમામ પીસ અને પાર્સલ જેનો કાર્પેટ એરિયા ફ્લોટ નં. ૦૬(ટુમ્બર્નુ ફ્લોરપુલ ૧૦૨૩ ચો.ફી (ફોલ્ડર ૧૧૦.૩૩ ચો.મીટર) ૧૮ ટકા ચોખ્ખો વિસ્તાર સમાવેશ કાર્પેટ એરિયા ૧૨૬૦ ચો.ફી (૧૧૭.૧૨ ચો.મી.)